# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

એટલે પડતી મૂકી મેં વાતને,
કેટલો વાગોળવો આઘાતને?!
વાંક દુનિયાનો ય કંઈ ઓછો નથી,
ક્યાં સુધી બસ દોષ દેવો જાતને?
અશ્રુ, પીડા ને સતત અવહેલના,
સાચવું ક્યાં આ બધી સોગાતને?
આવકારો આવડતને આપીએ,
માપવા ના બેસવું ઔકાતને.
આ હવા પણ એક દિ' નીકળી જશે!
અંત નક્કી હોય છે શરુઆતને.

- હિમલ પંડ્યા

## પાથેય

- રમેશ ઠક્કર

### સંવેદનનો અદભૂત એકસ-રે..!

આજની પેઢી ટેરવાંના તરખાટમાં તલ્લીન છે...એણે ઉંચુ જોવાની આદત જ નથી..એને વડિલો અને માબાપ જુનવાણી લાગે છે..આવું અમારી પેઢીને પણ લાગતું..આપણા દાદાની પેઢીને પણ એના વડિલો આઉટડેટેડ લાગતા..પોતે ગરીબ છે..સામાન્ય પરિવારમાંથી આવે છે એવું માનવું, કોલેજની હવામાં આવી ગયેલી પેઢીને અસહ્ય લાગે છે.."મુકુન્દરાય " નામની આપણી ભાષાની વાર્તા આ વિષયને બરાબર ઉપસાવે છે..

રવૈયા ગામના વૃધ્ધ રઘનાથ ભટ્ટ અને એમની યુવાન વિધવા દિકરી ગંગા..નાનકડી ખેતી અને બાપીકા વ્યવસાય થકી જિંદગી વિતાવી રહયાં છે. એમનો દિકરો મુકુન્દરાય એફ.વાય., બી. એસ. સી.માં શહેરની કોલેજમાં ભણે છે..ગરીબ ઘરનો મુકુન્દરાય સારું ટેનિસ રમી જાણે છે. ભણવામાં પણ હોંશિયાર છે..એના ઉપર કોલેજની જાજરમાન યુવતી મિસ ગુપ્તા ઓળઘોળ થઈ જાય છે..અને એના મિત્રો થનારાઓની જાણે લાઈન લાગી જાય છે..

ધનિક અને શહેરી મિત્રો સામે પોતાની ગરીબ સ્થિતિ મુકુન્દરાયને અકળાવે છે.. આ સ્થિતિ એને ગમતી નથી..એના વ્યકિતત્વમાં દંભ આવી જાય છે..

કથાના ઉઘાડમાં તારથી સંદેશો આપી. શહેરી મિત્રો સાથે ગામ આવતા મુકુન્દરાય ની વાત લેખકે કલાત્મક રીતે વણી છે. વિધવા બહેન અને વૃધ્ધ પિતા રાજીના રેડ થઈ જાય છે..શોર્ટ નોટિસની આવતા ભાઈની આગતા-સ્વાગતા માટે દોડાદોડ કરે છે. ગરીબ બ્રાહ્મણ એવો બાપ માંડમાંડ સીધું ભેગું કરે છે. બહેન ઘંટી ઉપર દાળ દળી સરસ મજાનો શીરો અને કોળાનાં ભજિયાં બનાવે છે..મુકુન્દરાય આમછતાં વડચકાં ભરે છે..એને હવે આ બધાની નાનપ લાગે છે..એ આવી રસોઈ માટે અણગમો વ્યકત કરે છે..બહેન અને બાપ બદલાયેલા ભાઈને જોઈ આઘાત અનુભવે છે.

કથા કરૂણ રસ અને કૃત્રિમ રીતે જીવતા મુકુન્દરાયના પાત્રની આસપાસ વહેતી રહે છે. એને હવે અભાવો વેઠવા નથી..વિધુર બાપે મુશ્કેલીથી સાચવી રાખેલી જમીન વેચી નાખવા એ નફફટતાથી કહે છે. ગંગાના વૈધવ્યની એને જરાપણ ચિંતા નથી. એના કોલેજના મિત્રો સામે એની ગરીબી છતી ના થઈ જાય એ માટે એ સતત પ્રયત્નો કરે છે.મિત્રો સાથે એ કારણ વગર હસે છે.. પરંતુ બાપ અને બહેનની સામે વિના કારણ વડચકાં ભરે છે. એને ચોકસી અને પંડિત નામના મિત્રો સમક્ષ પોતે સામાન્ય કુટુંબનો છે એ વાત જાહેર ના થઈ જાય એની ચિંતા રહે છે. લેખક એક યાદગાર વાકય આ વાર્તામાં આપે છે..

'સમાન સાથે નિરર્થક હાસ્ય અને અસમાન તરફ નિરર્થક તોછડાઈ એ આધુનિકતાનાં લક્ષણો છે."

પિતા રઘનાથ ભટ્ટને બાળવિધવા દિકરીની ચિંતા છે. એને મૃત પત્ની હરકોરની યાદ આવી જાય છે. મુકુન્દરાય હવે હાથથી ગયો છે એમ માની જમીન વેચવાની એ મકકમ રીતે ના પાડી દે છે. કોલેજના મિત્રોને રેલ્વે સ્ટેશન સુધી વળાવવા ગયેલો નારાજ મુકુન્દ હવે ગામ બાપ અને બહેન વચ્ચે રહેવા માગતો નથી. એના મિત્રો ભેગો એ પહેરેલા કપડે શહેરમાં જવા ટ્રેનમાં બેસી જાય છે...એના પાછા આવવાની રાહ જોતી બહેન પિતાને પુછે છે ત્યારે અનુભવી રઘનાથ કહે છે.".મુકુન્દ તો ગયો બહેન.." ત્યાંજ એને મુકવા ગયેલો એકાવાળો ડેલીએ આવી મુકુંદે આપેલા સમાચાર કહે છે. 'મુકુન્દ ગયો છે..' જે વાર્તાને ચમત્કૃતિ આપે છે.

રઘનાથને આવા સંતાનના ગયાનો અફસોસ નથી. ગમગીન ગંગાને એ વિમળશા શેઠની વાત કહે

અનુસંધાન પાના નં. ૭ પર

# હાથવગા મનોરંજન 'ઓટીટી' ની આગેકૂચ..!!!




કોવિડના કપરાકાળમાં જો કોઈ મન ને અને આંખને ઠંડક આપતી કોઈ જો સારી ઘટના બની હતી તો એ હતી ઓટીટી નું આગમન..!!!! આમ તો આગમન ના કહેવાય કેમકે ઓટીટી તો ઘણા વર્ષોથી ભારતમાં હતું જ પણ કોરોનાના કપરાકાળમાં મનોરંજનના અભાવે આ હાથવગું હથિયાર ખૂબ જ લોકપ્રિય થયું એટલું જ નહીં પણ એ પછીના અત્યાર સુધીના ૨-૩ વર્ષોમાં દિન દુની રાત ચોગુની પ્રગતિ કરી રહ્યું છે. ભારતનું પ્રથમ ઓટીટી વર્ષ ૨૦૦૮મા રિલાયન્સ એન્ટરટેનમેન્ટે શરૂ કરેલું અને એનું નામ હતું બિગફલિકસ એ પછી ૨૦૧૦માં હૈક્ષ્ટૈટ્ટી નું દ્વીટક્ષ્દ્ આવેલું પણ સાચા અર્થમાં ઓટીટીની લોકપ્રિયતા તો કોરોનાકાળમાં વધી. હા એ પહેલા પણ ઓટીટી હતા જ પણ એક તો આજે છે એટલી સંખ્યામાં નહોતા અને બીજું કે એ બધાને પોસાય એવા પણ નહોતા અને સૌથી અગત્યનું કે ત્યારે ઓટીટી પર અત્યારે છે એટલા વિધવિધ કન્ટેન્ટ પણ નહોતા. સરવાળે લોકોમાં ઓટીટી વિષે ખબર તો હતી પણ લોકપ્રિયતા એટલી બધી હતી નહીં. છેલ્લા બેક વર્ષથી ઓટીટી એ ભારત અને વિશ્વના મનોરંજનપ્રેમીઓમાં પોતાનું નક્કર સ્થાન જમાવી લીધું છે અને આવનાર સમયમાં હજુ પણ વધુ ને વધુ મજબૂત સ્થાન જમાવશે એ નક્કી છે.

ઓટીટી ઓટીટી બહુ વાંચ્યું તો એમ થયું હશે ને કે આ ઓટીટી એટલે શું ? ઓટીટીનું ફૂલ ફોર્મ છે ઓવર ધ ટોપ. સીધી ને સરળ ભાષામાં તમારા સ્માર્ટ ટીવી પર.. તમારા મોબાઈલ પર કે તમારા આઈપેડ કે ટેબલેટ પર પીરસાતું મનોરંજન કે જેના માટે તમે એક ચોક્કસ રકમ ચૂકવો છો. જો કે ઘણા ઓટીટી પ્લેટફોર્મ મફતમાં પણ જોવા મળે છે. આજે જ્યારે ચાર લોકોના એક ફેમિલીને મલ્ટિપલેક્ષમાં ફિલ્મ જોવા માટે બધુ મળીને લગભગ ૨૦૦૦ જેવો ખર્ચ કરવો પડે છે એવામાં ઓટીટી ઘરે બેઠા એ જ ફિલ્મ તમને વર્ષના ૩૯૯ થી ૫૯૯૯ સુધીના ખર્ચમાં જોવા આપે છે અને એ પણ જેટલીવાર અને ગમે એટલા લોકો સાથે અને ઢગલો ફિલ્મો. ખેર ઓટીટી પ્લેટ્ફોર્મસ આજકાલ એટલા લોકપ્રિય બની ગયા છે કે એની વ્યાખ્યા આપવાનો કોઈ અર્થ નથી અને ખાસ તો મનોરંજનનું મુખ્ય માધ્યમ એવી હિન્દી ફિલ્મો કે બીજી ભાષાની ફિલ્મો જે સંખ્યામાં અને જે ઝડપે ઓટીટી પર ઉપલબ્ધ થઈ રહી છે એ જોતાં આવનારો સમય મનોરંજનના નામે એક નવો જ અધ્યાય લખવાનો છે એ નક્કી છે.

અને આમાં બે હાથમાં લાડવો તો દર્શકોને જ છે. એક તો નવીનક્કોર ફિલ્મ ઘેરબેઠા અને એ પણ મામૂલી ખર્ચમાં જોવા મળે અને બીજું કે ભંગાર ફિલ્મ કે કંટાળાજનક ફિલ્મને કેન્સલ પણ કરી શકાય. હાથવગા મનોરંજનને લીધે હવે લગભગ દરેક ઓટીટી પ્લેટફોર્મ વધુ ને વધુ કન્ટેન્ટ પીરસવાની હોડમાં લાગી ચૂક્યા છે કે જેનાથી વધુ ને વધુ દર્શકો અને એ હિસાબે સબ્સ્ક્રાઈબર એમની સાથે જોડાય અને રેવન્યુ – આવક વધે. થિયેટરો ધીમે ધીમે ઓછા થઈ રહ્યા છે અને બીજું કે સરખી મહત્વની ફિલ્મો એકસાથે રજૂ થાય ત્યારે થિયેટરો મળવાની સમસ્યા ઊભી થઈ જાય છે. દર અઠવાડિયે સરેરાશ ચાર હિન્દી ફિલ્મો રીલીઝ થાય છે. દેશમાં લગભગ ૧૦૦૦૦ની આસપાસ સ્ક્રીન છે એમાંથી માત્ર ૨૫૦૦ આસપાસ મલ્ટિપલેક્ષના છે એવામાં મોટા બજેટની અને મોટા સ્ટારકાસ્ટવાળી બે ફિલ્મો જો એકસાથે કે આજુબાજુમાં રીલીઝ થાય તો સ્ક્રીન મળવાનો અને એ જ રીતે દર્શકો મળવાનો પ્રોબ્લેમ થાય એવામાં ઘણીબધી હિન્દી ફિલ્મો ડાયરેક્ટ ઓટીટી પર જ રીલીઝ કરી દેવાય છે કેમકે નેટફલિકશ , પ્રાઈમ વિડીયો કે સોની લિવ જેવા સબળા ઓટીટી પ્લેટફોર્મ પર સબ્સ્ક્રાઈબરની સંખ્યા કરોડોમાં છે અને નિર્માતાને વળતર પણ સારું મળે છે.

આ બધા કરતાં પણ જો કોઈ અગત્યનું પરિબળ હોય તો એ છે લોકોએ મોબાઈલના નાના પડદે કે ટીવીના પડદે મનોરંજન મેળવવવાની પાડેલી ટેવ. આઈપીએલ હમણાં જ શરૂ થવા જઈ રહી છે જે સ્ટાર સ્પોર્ટ્સ પર આવશે પણ એનું ઓનલાઈન કે ઓટીટી પ્રસારણ જીઓ સિનેમા પર થવાનું અને એ પણ ફ્રી.. મફત..!!! તમને યાદ હશે કે છેલ્લે રમાયેલ ભારત-પાકિસ્તાનની મેચ વખતે એને હોટસ્ટાર પર લાઈવ જોનારનો આંકડો એક કરોડને વટી ગયેલો..!!! અત્યારે ૨૯% માર્કેટશેર સાથે હોટસ્ટાર પ્રથમ , ૨૩% સાથે જીઓ ટીવી સેકન્ડ અને એના પછી પ્રાઈમ વિડિયો માર્કેટ લીડર છે. શરૂઆતમાં મોબાઈલના ૫-૬ ઈંચની સ્ક્રીન પર જે ફિલ્મ જોવાનું કે મેચ જોવાનું બહુ નહોતું જામતું એની જગ્યાએ અત્યારે લોકો અપડાઉનમાં કે ખાલી ટાઈમમાં પોતાને ગમતી ફિલ્મ , વેબ સીરિઝ કે બીજું મનોરંજન જોઈ લે છે અને એટલે જ ભારતમાં ઓટીટીની સંખ્યા જે એક જમાનામાં આંગળીના વેઢે ગણાય એટલી હતી એ આજે લગભગ ૪૦ થી વધુના આંકડે પહોંચી છે અને એની લોકપ્રિયતાનો અંદાઝ એના પરથી આવશે કે દેશમાં લગભગ ૫૫% લોકો પોતાને ગમતા ટીવી શો , ફિલ્મો કે રમતગમત માટે ઓટીટી નો સહારો લે છે અને બાકીના લોકો હજુ આના માટે ડિશ કે કેબલ વાપરે છે. ઝડપથી વધતા ઓટીટી પ્લેટફોર્મ ડીટીએચ અને કેબલ ઓપરેટર માટે પડકાર સમાન છે. લગભગ દરેક મોબાઈલમાં સ્પીડી ઈન્ટરનેટ અને સ્માર્ટફોનની વધતી સંખ્યાના કારણે આ પ્લેટફોર્મ લોકપ્રિય થયા છે. ૨૦૧૮મા જે ઓટીટી પ્લેટફોર્મ માર્કેટ ૩૫૦૦૦ કરોડનું હતું એ આજે લગભગ ૪ લાખ કરોડનું થવા જઈ રહ્યું છે. ૨૦૨૪ સુધીમાં લગભગ ૮૫% લોકો બ્રોડબેન્ડ ધરાવતા હશે ત્યારે વિચારો કે આ આંકડો કયા પહોંચશે ?અને વધતો જતો આ આંકડો ખાલી મલ્ટિપલેક્ષ માટે જ નહીં પણ ટીવી ચેનલો માટે પણ ચિંતા કરનારો છે કેમકે જો આ જ રીતે ફિલ્મો સીધી ઓટીટી પર રીલીઝ થવા મંડશે કે લોકો સ્પોર્ટ્સ અને ટીવી શોઝ ઓટીટી પર જ જોતાં થઈ જશે તો આ બંનેનું અસ્તિત્વ ખતરામાં આવી જવાનું. અને એટલે જ ભારત સરકાર હવે પોતાનું ઓટીટી પ્લેટફોર્મ લોન્ચ કરવાનું છે કેમકે મનોરંજનનું આ જ ભવિષ્ય છે અને દૂરદર્શનની પહોંચ ઘટે એ પહેલા સરકાર આ પગલું લેવા માંગે છે. જો કે અમુક ફિલ્મો થિયેટરમાં જોવાની જે મજા આવે , સમૂહમાં જોવાની જે થ્રીલ આવે એ મજા એ રોમાંચ ઓટીટી પર જોવામાં ગાયબ છે અને એટલે જ કંતારા, પઠાણ , પુષ્પા જેવી ફિલ્મો થિયેટરમાં પણ ફૂલ જાય જ છે. સરવાળે જો ફિલ્મ મજબૂત હશે તો લોકો થિયેટર છલકાવી જ દેવાના.

ઓટીટી પર રજૂ થતાં કન્ટેન્ટની કોમન ફરિયાદ એ છે કે એમાં પુનરાવર્તન બહુ હોય છે. લગભગ દર ત્રીજી વેબસીરિઝ ગાળો , મારામારી , ડ્રગ્ઝ કે અંડરવર્લ્ડ પર હોય છે. ઓટીટી એ આમાં બદલાવ લાવવો પડશે. કેમકે ખાલી ફિલ્મોથી ઓટીટી પોતાનો દર્શકવર્ગ નહીં સાચવી શકે. જો કે હવે ફિલ્મોના હીરો. હિરોઈન , લેખકો ઓટીટી માટે પણ એ જ કન્ટેન્ટ આપી રહ્યા છે , એમાં કામ કરી રહ્યા છે જેને લીધે દર્શકોને સિનેમામાં મળતું મનોરંજન ઓટીટી પર મળતું થયું છે. ઓટીટીનો સૌથી મોટો પ્લસપોઈન્ટ છે એનું હાથવગું હોવું. ગમે ત્યાં અને ગમે ત્યારે તમે એનો ઉપયોગ કરી શકો છો અને ઓટીટી પ્લેટ્ફોર્મસથી લઈને એના પર કન્ટેન્ટ મૂકનાર આ વાતથી બરાબર વાકેફ છે. એમેઝોન પ્રાઈમ , હોટસ્ટાર , સોની લિવ , શેમારુમી , નેટફલિકશ જેવા નામો તો જાણતા જ હશો પણ એ સીવાય મુબી પર દેશવિદેશની સારી કલાસિક ફિલ્મોનું સરસ કલેકશન છે તો ટયુબીટીવી પર પણ ફ્રી માં હોલિવૂડની ઘણી ફિલ્મો ને શોઝ છે. લાયન્સગેટ પ્લે માં સરસ ડોક્યુમેન્ટરીઝ અને ફિલ્મો છે જે એમેઝોન સાથે આવે છે. આ સીવાય ભારતની ઘણીબધી ભાષાના ઓટીટી પ્લેટ્ફોર્મસ તો છે જ. ફિલ્મો અને ઓટીટી તો હવે એકબીજાના પૂરક બની ગયા છે એ હકીકત છે અને એટલે જ મલ્ટિપલેક્ષ કે સીનેમઘરોએ એવી ફિલ્મોનો ઈન્તેઝાર કરવો પડે છે કે જે માત્ર ને માત્ર સિનેમાના મોટા પરદે જ જોવાની મજા આવે. હવે તો મોટાભાગની ફિલ્મ ક્યારે ઓટીટી પર આવશે એ નક્કી હોય છે એટલું જ નહીં પણ ઘણી બધી ફિલ્મોના સેટેલાઈટ રીલીઝ પાર્ટનર ઓટીટી પ્લેટફોર્મ જ હોય છે એટલે સરવાળે દર્શકોને તો ચાંદી જ ચાંદી છે પણ મનોરંજનના આ નવા પડકારને પહોંચી વળવા ટીવી અને થિયેટરોની દુનિયા મનોરંજનનાં નવા અને વધુ લોકપ્રિય સ્વરૂપની રાહ જોઈ રહ્યા છે , બદલાવ કરી રહ્યા છે અને મનોરંજનના એ નવા કલેવરનો સાક્ષી બનવા દર્શક ઉત્સુક છે.

(akurjt@gmail.com)

# સ્વાગત છે... સત્યાસત્ય - મંગલ કોલોનીમાં...




જબરો ઘોંઘાટ થઈ રહ્યો હતો. જો કે તમે માનો છો એટલો બધો નહોતો, જો કે સાવ સાહિત્યકારો ઝઘડે એટલા ઝીણા અવાજે નહોતો થતો. આમાં બેત્રણ જણ કાં તો પત્નીથી કંટાળીને મીટીંગમાં આવ્યા હોય એમ જોર જોરથી બોલી રહ્યા હતા તો એક બે જણના ડીએનએમાં જ લોચો હોય..બે જણના જીવ મળેલા હતા તો ત્રણ જણ કેડેથી વળેલા હતા, કેટલાક એવા જાડા હતા કે લાગે કે એ તળેલા છે... ચાલીસેક જણા ભેગા થઈને ચર્ચા કરતા હતા કે... સોસાયટીનું નામ શું રાખવું ?

આવો, જોઇએ તો ખરા, એકવીસમી સદીના આવડા મોટા અમદાવાદ નગરમાં લોકોને ઝઘડવાનો સમય મળી રહે એકોઇ સામાન્ય બાબત તો ના જ કહેવાય !

તમને જરા મેળ પડે એટલે ઓળખાણ કરાવું. આ પેલા આગળની લાઇનમાં બેઠા છે એ છે મગનલાલ મારવાડી. ગોળ-મટોળ લાગે છે, એમનું શર્ટ ગયા મહિને ધોયું હોય એવું લાગે છે પણ એવું નથી. એમની એકની એક પત્ની ગામડેથી આવ્યા પછી પણ છીંકણી નથી છોડી શકતા. નામે મંગુબેન મગનલાલ, ઉ.વ. ઓગણસાઠ. પણ મીટીંગમાં એકલા મગનલાલ આવ્યા છે, એમના શર્ટ ઉપર છીંકણીના ડાઘ છે, ખિસ્સામાં પેન લીક થવાથી વાદળી ડાઘ પડેલા છે, મગનલાલના મોં પર શીળીના ડાઘ છે, કપાળ પર વાગ્યાના ડાઘ છે, એક આંખ પહેલેથી જ ડેમેજ છે. પૈસા તમે કલ્પના ના કરી શકો એટલા બધા.. ! લાગે છે લક્ષ્મી રૂપ જોયા સિવાય જ પ્રસન્ન થતી હોય છે. એમની બાજુમાં જે બેઠા છે એ છે નાથાભાઇ, દેખાવે અનાથ લાગે, પેન્ટ લેંઘા જેવું, ભાષા એ લાગે છે એના કરતાં પણ કઢંગી, થાય તો ખરો જ ને !

આ ત્રીજા ભાઇ છે એ છદ્મવેશી છગનલાલ છે, એમના આગ્રહને લીધે એમને ઘણા સાહિત્યકાર ગણે છે. આવું જ્યારે કહીએ ત્યારે એમની પત્ની કહે કે મારો આગ્રહ હોય છે કે એ બહુબહુ તો વિચિત્ર માણસની કેટેગરીમાં આવી શકે, પણ કેટલાક અવળચંડાઓ એમને માણસ ગણવા પણ તૈયાર નથી. જો કે આ બધામાં એક જબરા ઠસ્સાવાળા મહિલા બેઠા છે, કોટનની કડક સાડી અને એનાથીયે કડક એમનો ચહેરો છે. દોરીથી બાંધેલા ચશ્મા વારંવાર ખોવાઈ જતા હોવા જોઇએ. એ વારંવાર બોલતા કે 'મારી દ્રષ્ટિએ... કે મારી દ્રષ્ટિમાં... ' એ જ્યારે જ્યારે આવું બોલે ત્યારે મારા જેવા અલ્પમતિના લોકોની નજર એમના લટકતા ચશ્મા અને એના મેંલા કાચ તરફ જતી. એમનું નામ છે, વિદ્યાગૌરી અજ્ઞાની.

પ્રશ્ન હતો કે 'આ સોસાયટીનું નામ શું રાખવું ?' છગનલાલનું કહેવું હતું કે 'આપણે સત્ય-કોલોની રાખીએ.' તરત જ ભુંસાલાલે કહ્યું, 'તો પછી ગાંધીજીના સત્યના પ્રયોગોની પણ ચર્ચા કરવી પડશે.. " આજના અમદાવાદમાં જેની પાસે પૈસા હોય એ લોકો પોતાને સ્વઘોષિત બુધ્ધિશાળી માનતા. આ સોસાયટીની બેઠકમાં પણ એક વાક્ય વારંવાર ઉછળતું હતું કે 'આપણા આઇક્યુ-લેવલ જોતાં આવી બધી બાબતોનો બહુ બધી ડીગ્રીઓથી વિચાર કરવો જોઇએ. ( આ મહાશયને ૩૬૦ ડીગ્રી એવું યાદ ના આવ્યું કારણ ગઈકાલે એક પ્રવચનમાં એ જ્યારે ઉંઘમાંથી જાગ્યા ત્યારે આ થ્રીસીક્સ્ટી-ડીગ્રી એવું સાંભળેલું, અને પછી તો અનેક ડીગ્રીધારીઓ સાથે આ ડીગ્રીઓની વાત નીકળેલી) એટલે એમને આગ્રહ રાખેલો કે આપણે બધી ડીગ્રીઓથી વિચાર કરીએ. પાતળા દેહ અને એનાથીયે પાતળા ઝભ્ભામાં સંતાયેલા પ્રોફેસર જળાશંકર સત્યાકાંક્ષી બોલ્યા, ' જો સત્ય-કોલોની એવું નામ રાખવું હોય તો મારા પાંત્રીસલાખ રુપિયા પાછા આપી દેજો, હું આવા દંભી નામ પાછળ સંતાઈ નહીં શકું...' મગનલાલે અવાજ ઉઠાવતાં બોલ્યા; 'એવી રીતે ત્રાગાં નહીં કરવાના... નથી રાખવું સત્ય કોલોની પણ તમારું સુચન હોય તો કહો ... !!

'જળાશંકર સત્યાકાંક્ષી બોલ્યા.. 'આ જગતમાં સત્ય તો છે પણ સત્ય અસત્ય નીચે ઢંકાયેલું છે.. મારું સુચન એવું રહેશે કે સત્યાસત્ય કોલોની કહો તો તમે વાસ્તવિકતાથી નજીક કહેવાશો..' તરત જ ચાર દરબારી ટાઈપના મહાપુરુષોએ ખોંખારો ખાધો અને કહ્યું, 'સત્યાસત્ય એમ સત્ય અને અસત્ય બન્નેનો સમાવેશ થશે તો આપણા લેવલનું નામ થશે.' બીજાએ ટાપસી પુરી; ' સાચી વાત છે, થોડું હટકે નામ હોવું જોઇએ.. ' ત્રીજાએ કહ્યું, 'આપણા જેવા બુધ્ધિશાળીઓ તો આવા કશાક નવા નામથી શણગારેલી સોસાયટીમાં રહેતા હોય તો જ જામે.. '

જો કે વિદ્યાગૌરીએ કહું, 'તમે લોકો ક્યાં સુધી માત્ર પૃથ્વીની જ વાત કર્યા કરશો. મારા અનિકેતના સસરાના મિત્રના સાળાનો છોકરો નાસામાં જાય છે, ત્યાંથી મંગળના ફોટા મોકલે છે...' હેડકી આવતાં વિદ્યાગૌરી અંગ્રેજી પર ચઢી ગયાં, 'કેન યુ બીલીવ મારી ડોટર-ઇન-લો અમારી ચાર્મીએ તો આખો રૂમ લાલ કરાવી દીધો છે, યુ નો માર્સ ઇઝ એ રેડ પ્લેનેટ.. એ તો કહ્યા કરે છે, મોમ ! યુ હેવ ટુ બી મોડર્ન...વી ડેડીકેટેડ અવર રુમ...મેં એન ડેડીને કેટ જેવી આંખો કરીને કહ્યું, 'પિનાકિન, પિક્ર છોડી, હવે રેડ અપનાવો... ઈટ ઈઝ માર્સ-એજ... મંગળ યુગ આવ્યો છે..' બોલો, માનશો, અમે તો હવે લીલા મરચાંને બદલે લાલ મરચાં ખાવાનું શરું કરી દીધું છે.. વિદ્યાગૌરીના આકાશી આક્રમણને કારણે એકાદ છાપું પણ નહીં વાંચનાર જનોઇધારી જેઠાલાલ, પડીકા જેવા ચુંથાઈ ગયેલા પી.એસ.પટેલ અને બીજા બે ત્રણ સભ્યો હાલ જ પૃથ્વી પર પટકાયા હોય એ રીતે મંગળગ્રહની સ્તુતિ ગાવા લાગ્યા...'

અધ્યક્ષસ્થાનેથી મગન મારવાડીએ કહ્યું, 'ભાઇઓ ! સાંભળો, ક્યું નામ રાખવું એ બાબતે છેલ્લા બે કલાકથી એટલે કે એકસોવીસ મિનિટથી ચર્ચા કરીને આપણે સાબિત કરી આપ્યું છે કે આ સોસાયટી કોઇ ઓર્ડીનરી અમદાવાદીઓની સોસાયટી નથી. આપણું એક લેવલ છે, માણસને પુષ્કળ તાવ આવે ત્યારે એનું ટેમ્પરેચર હોય એના કરતાંયે વધારે આઇક્યુ ધરાવતા મેમ્બરો આ સોસાયટીમાં સભ્ય છે, ખોટી રીતે હા-માં-હા કર્યા કરવાની આપણને ટેવ નથી એટલે સર્વાનુમતે જો મુખ્ય વિચારોને પાયામાં આખી નક્કી કરીએ તો આ સોસાયટીનું નામ 'સત્યાસત્ય-મંગલ કોલોની' રાખવું જોઇએ.

બોલો, ઠરાવ કરીએ... જી, જી, જી... અવાજો થયા. સોસાયટીનું નામકરણ થયું છે.... સત્યાસત્ય-મંગલ કોલોની...

# પ્રત્યેક પળ આપણને કંઈક નવું શીખવાડે છે...




"લર્નિંગ એટીટ્યુડ" આપણને સતત અપડેટ રાખે છે આપણાં વ્યક્તિત્વને સતત નિખારે છે. "મને તો બધું જ આવડે" , "મને તો બધું જ ખબર જ હોય" ," હું કોઈ વિદ્યાર્થી થોડો છું કે ભણ્યા કરવાનું" , આ એટીટ્યુડમાંથી બહાર આવીએ તો જીવન ડગલે ને પગલે નીતનવા પાઠ શીખવવા તૈયાર જ હોય છે. ઈન્ફેક્ટ શીખવતી જ હોય છે. માત્ર આપણું બેધ્યાનપણું તેમાંથી કંઈક શીખી લેવાની વૃત્તિમાંથી આપણને અડગા રાખે છે. નદીની જેમ પોતાનાં અસ્તિત્વને, વ્યક્તિત્વને, વિચારોને વહેતા અને ઝળહળતા રાખશો, તો ટકી શકશો. નહીંતર તળાવના પાણીની જેમ સ્થગિત થઈ જશો. અને જિંદગી નિષ્પ્રાણપણે પૂરી થઈ જશે. જીવનનો મર્મ પામવો હોય, જીવનને સફળ બનાવવું હોય, તો દરેક સારો ખરાબ પ્રસંગ કંઈકને કંઈક શીખવી જાય છે, તેમાંથી રોજ નવીનવી શીખ મેળવતા જઈ પોતાનામાં ચેન્જીસ લાવતા જઈ, પરિવર્તન સતત પામતા રહો. જૂની ભૂલો અને જૂના અનુભવો જેટલું શીખવી જાય છે તેટલું કદાચ કોઈ ભાષણ કે મોટીવેશનલ સ્પીચ શીખવી શકે તેમ નથી. વિચારોની " રિજીડીટી" આપણને વ્યવસાયિક દ્રષ્ટિએ, સંબંધની દ્રષ્ટિએ કે વ્યવહારની દ્રષ્ટિએ ઉણા ઉતારી દે છે .

"કાર્યસંતોષ"ની લાગણી જીવનમાં સૌથી વધુ સુખ આપે છે. એક ડાયરી રાખી શકાય અને રોજબરોજના અનુભવોમાંથી જે જે બાબત શીખવા મળે તે લખવાની ટેવ પાડી શકાય. તમને આશ્ચર્ય થશે કે થોડાં દિવસો પહેલા જે શીખ્યાં હતાં, તે વસ્તુ, તે વિચાર અને ભાવ આજે અપડેટ થઈ ગયેલ છે. કદાચ બદલાઈ ગયેલ છે. કદાચ જેવું વિચાર્યું હતું, તે દષ્ટિકોણમાં પરિવર્તન આવી ગયું છે. અને જે તે સમયે જે તે પરિસ્થિતિમાં જે વસ્તુ ખોટી લાગતી હતી તેની યથાર્થતા થોડાંક સમય પછી સમજાય છે. તમે રોજબરોજની જિંદગીમાંથી જે પણ શીખવા મળ્યું તે કોક નાની ડાયરીમાં લખવાની ટેવ પાડશો, તો સૌથી મોટો ફાયદો એ થશે કે કોઈનાં વિશે કે પરિસ્થિતિ કે ઘટના વિશે વિચારીને તમે જજ કરી લેતાં હતા અને જલ્દી રિએક્ટ કરી દીધા હતાં, જેને કારણે સંબંધ અને પરિસ્થિતિમાં કડવાસ આવતી હતી. તે સુધારી શકશો. "આવું હતું" એટલે જ "આવું થયું" એવું તરત માની લઈ ધારી લેતા હતા જેને કારણે નકારાત્મકતા જે તમારાં સ્વભાવમાં વણાતી હતી, તે અટકશે. સાયકોલોજિકલી "એઝ અ મીડિયેટર"," એઝ અ પ્રોસેસર" તે કામ કરશે. જેથી તમે જે તરત જ રિએક્ટ કરી પ્રતિક્રિયા આપવાનાં હતાં, તેમાંથી બચી ગયાં. અને થોડાં દિવસ પછી તમને આપોઆપ ફીલ થશે કે હું જે વિચારતો હતો તે ખોટું હતું. આ પરિસ્થિતિ બીજા કારણોને લીધે ઊભી થઈ હતી. અમુક ભ્રામક પરિસ્થિતિ આપણે આપણા "ઓવરથીંકીંગ"ને કારણે પણ ધારી લેતા હોઈએ છીએ. જો તમેં તરત પ્રતિક્રિયા આપી હોત તો સંબંધમાં ગાંઠ બનવાની શક્યતા હતી. પરિસ્થિતિ જે ઊભી થઈ હતી તેમાંથી આટલી સહજતાથી હેન્ડલ કરવાની અને સ્વીકારવાની ક્ષમતા પણ આપણી વધે છે.

"લર્નિંગ એટીટયુડ" થી એટલે કે દરેક પરિસ્થિતિમાં શીખવાની વૃત્તિ કેળવી હશે, તો એકને એક ભૂલ વારેવારે થતાં અટકશે. એક ને એક નેગેટિવિટીનો ફરી ફરી સામનો નહીં કરવો પડે. એક ને એક કારણસર ભોઠા નહીં પડવું પડે. સ્વભાવ, આદત, વૃત્તિમાં થતાં બદલાવને લઈને પોતે પોતાની જાત પરની શ્રદ્ધા અને રિસ્પેક્ટ પણ આપોઆપ વધી જશે.

તોતિંગ વૃક્ષો...ય વાવાઝોડા અને વીજળીથી ફંગોળાય છે અને સળગે છે. પણ જીજીવિષા જીવતી રહે ત્યાં સુધી મૃત્યુ સંભવ નથી. રસ્તામાં આવતાં મુશ્કેલીઓના ઢગલા તમારા મનોબળની પરીક્ષા અવારનવાર લેતા જ રહે છે. પ્રકૃતિ તેમની ચમત્કૃતિ સતત બતાવતી જ રહે છે. ન ધારેલું થાય અને ધારેલું ઉંધા માથે પટકાય. સીધો સરળ લાગતો રસ્તો અટપટા ફાટાએ ફૂટે. શાંત દેખાતા સંજોગો પોતાનાં ગર્ભમાં કંઈ કેટલીય ચુનોતીઓ લઈને પ્રત્યક્ષ ઉભા રહે. દરેક પરિસ્થિતિમાં કંઈ શીખી લેવાની વૃત્તિ, તમારી જીવવાની જિજીવિષા અકબંધ રાખે છે. પરિસ્થિતિઓનો સ્વિકાર કરતાં શીખવાડે છે.

માણસને માત્ર મૃગજળનું ચિત્ર ન બતાવ તું,
જે એનિમેશન વિડીયો જેવું જીવ્યા છે
તેને સ્થગિતતા ન શીખવાડ તું
સ્થિર કઈ જ હોતું નથી,
પરિવર્તન બધે જ સહજ છે.
વહેતા વિચાર ને વહેતા જજમેન્ટ...
વહેતા સંબંધો ને વહેતું વ્યક્તિત્વ.
સુંદર અસુંદર બની જશે ને અસુંદર સુંદર પણ,
પરિભાષા જીવનની નદી છે,
તેને તળાવના બનાવ તું...
"તારાં વિચાર"ને "મારાં વિચાર"થી પર
"આપણાં અનુભવ" સુધી "સ્વ" કેન્દ્રને વિકસાવ તું ....